# દરેક માટેકેન્સરની સંભાળ સુધારવામાં અમારી મદદ કરો

જો તમે અહીં સારવાર કરાવી હોય તો તમને ટૂંક સમયમાં NHS ઈંગ્લેન્ડના **નેશનલ કેન્સર પેશન્ટ એક્સપિરિયન્સ સર્વે**માં ભાગ લેવા માટે કહેવામાં આવશે. સર્વે અમને શું સારું કામ કરે છે અને ભવિષ્યના કેન્સરના દર્દીઓ માટે શું સુધારી શકાય છે તે મોનિટર કરવામાં મદદ કરે છે.

એપ્રિલ, મે અથવા જૂન 2023માં ઇનપેશન્ટ અથવા ડે કેસ તરીકે કેન્સર સંબંધિત સંભાળ અથવા સારવાર ધરાવતા તમામ NHS દર્દીઓનો સર્વેમાં ભાગ લેવા માટે સંપર્ક કરવામાં આવશે.

**ભાગ લેવો સ્વૈચ્છિક છે.**

NHS ઈંગ્લેન્ડ સાથે કરાર હેઠળ કામ કરતી સ્વતંત્ર સંસ્થા દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે. તેઓ તમારો સંપર્ક કરવા તમારી અંગત વિગતો વાપરશે. તેઓ તમારી વિગતોનો ઉપયોગ ફક્ત સર્વે કરવા માટે કરશે. આ વિગતો આ NHS ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવશે. તમારી વ્યક્તિગત માહિતી સુરક્ષિત અને ગોપનીય રીતે નિયંત્રિત કરવામાં આવશે. અમે એવી કોઈપણ માહિતી પ્રકાશિત ના કરીશું જે તમને ઓળખી શકે.

---

જો તમે ભાગ **ના** લેવા માંગતા હોવ, અથવા સર્વેક્ષણ વિશે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને સંપર્ક કરો:

# અમને તમારો પ્રતિભાવ શા માટે જોઈએ?

અમે આરોગ્ય સંભાળના લોકોને સ્પષ્ટ માહિતી આપીને, દરેકને આદર અને કરુણા દર્શાવીને અને દર્દીઓને સુરક્ષિત અને આરામદાયક રાખીને તેમના અનુભવો સુધારવા માંગીએ છીએ.

## તમે અમને જે માહિતી આપો છો તેનું શું થાય છે?

NHS ઇંગ્લેન્ડ તમને સર્વે મોકલવા તમારા નામ અને સરનામો વાપરશે. તમારા જવાબો તમારી વિગતો સાથે મેળ ખાશે નહીં. અમે તમારી માહિતી સુરક્ષિત રાખીશું અને તમને ઓળખી શકે તેવી કોઈપણ માહિતી પ્રકાશિત ના કરીશું.

અમે તમારા જવાબોનો ઉપયોગ દર્દીઓની સારવાર કરતા લોકોને જણાવવા માટે કરીશું કે તેઓમાં સારો શું છે અને તેઓ શું સુધારી શકે છે.

## ભાગ લેવો



તમને આ વર્ષના અંતે પોસ્ટમાં સર્વે મોકલવામાં આવશે. તમારા માટે આ ભરવા માટેનું એક પ્રિન્ટેડ ફોર્મ હશે અથવા અમે તમને જે લિંક આપીશું તેના પરથી તમે તેનો ઓનલાઈન જવાબ આપી શકો છો.

તમે તમારા જવાબો ફોન પર પણ આપી શકો છો. જો તમે ઇચ્છો તો તમે અનુવાદકનો ઉપયોગ કેવી રીતે કરી શકો તે અમે તમને જણાવીશું.
જો તમે ભાગ ના લેવા માંગતા હોવ, અથવા સર્વેક્ષણ વિશે કોઇ પ્રશ્નો હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો.